Vyapar Pg 2, 02nd March 2022

# ક્રીપ્ટો ઇન્ડેક્સ-આઇસી૧૫નું બિટબીએનએસ એક્સ્ચેન્જ પર થશે ટ્રેડિંગ

મુંબઈ, તા. ૧ માર્ચ

ક્રીપ્ટોવાયર અને ભારતમાં ક્રીપ્ટોકરન્સીના અગ્રણી એક્સચેન્જ - બિટબીએનએસ વચ્ચે આઇસી૧૫ના ટ્રેડિંગ સંબંધે કરાર થયા છે.

આઇસી૧૫ એ ક્રીપ્ટોવાયરે દેશનો પ્રથમ વૈશ્વિક ક્રીપ્ટોકરન્સી ઇન્ડેક્સ છે. બિટબીએનએસ એક્સચેન્જ પર આઇસી૧૫નું ટ્રેડિંગ આવતા નાણાકીય વર્ષથી એપ્રિલના પ્રથમ સપ્તાહથી શરૂ થશે.

ક્રીપ્ટોવાયરે ભારતનો પ્રથમ વૈશ્વિક ઇન્ડેક્સ ૩ જાન્યુઆરીએ શરૂ કર્યો હતો. બિટબીએનએસ એક્સચેન્જના આશરે ૪૦ લાખ યુઝર્સ છે.

બિટબીએનએસ એક્સચેન્જના સીઈઓ ગૌરવ દહાકેએ કહ્યું છે કે આઇસી૧૫ ઇન્ડેક્સમાં ટ્રેડિંગ શરૂ થવાથી ભારત વૈશ્વિક ક્રીપ્ટોના નકશા પર સ્થાન મેળવશે, કારણ કે ઇન્ડેક્સના ભાવ વૈશ્વિક સ્તરે જોઈ શકાશે.